सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ:૨૦ ઓક્ટોબર ૧૯૯૯ અંક ૨

## વાલીઓને...

### શાળા પ્રવાસો :

શાળા જીવનમાં પ્રવાસો શૈક્ષણિક રીતે ખૂબ મહત્ત્વનું ઘડતર પૂરું પાડે છે. આ પ્રવાસોમાં એકબીજા સાથે લાંબા સમય સુધી રહેવાનો મોકો મળતો હોઈને પરસ્પરને સમજવાનું, એકબીજાને ઉપયોગી થવાનું અને એકબીજા પાસેથી શિખવાનો ઘણો મોટો લાભ આ ગાળા દરમ્યાન પ્રાપ્ત થઈ શકે છે.

શિક્ષકોને માટે પણ બાળકને જુદા સંદર્ભમાં જોવાની તક પ્રવાસમાં પ્રાપ્ત થાય છે. પ્રવાસો સાથે તકલીફો તો સંકળાયેલી હોય છે જ અને એ રીતે જીવન ઘડતર માટે પ્રવાસ એક ઉપયોગી શૈક્ષણિક ભૂમિકા પૂરી પાડે છે.

વ્યવહારના સાધનો વધતાં શાળા પ્રવાસો વધુ પ્રમાણમાં થવા લાગ્યા છે. પરંતુ તેને જ કારણે જે પહેલાના જમાનામાં પ્રવાસની સુવિધાઓ રહેતી તેમાં ઘટાડો પણ થયો છે. સ્થળો ઉપરની ગિરદી, વિભિન્ન પ્રકારના વર્ગોનું એકજ જગ્યાએ આવવું ઘણીવાર પ્રતિકૂળ બની જાય છે. શાળાઓ પાસે પહેલાં બસની સુવિધાઓ રહેતી પરંતુ બસ માટે ટેક્સનું ભારણ શાળાઓ સહન ન કરી શકે તેટલું ભારે બનતાં શાળાઓને ભાડુતી બસનો આશરો લેવાનો સમય આવ્યો છે અને તેથી વાહનો પ્રાપ્ત થાય તેવા દિવસો શાળાઓએ પસંદ કરવાના થાય છે. વરસાદના દિવસો, કાયદાની અવ્યવસ્થાના કારણે ઉભા થતાં અશાંત દિવસો, તહેવારો બાદ કરતાં બાકીના દિવસોમાં પ્રવાસનું આયોજન કરવું પડે છે.

મારા લાંબા સમયનાં પ્રવાસનાં અનુભવો ઉપરથી કેટલાક નિરીક્ષણમાં જે તરફ અંગુલીનિર્દેશ કરવો મને જરૂરી જણાય છે. ઉત્તરોત્તર બાળકોમાં એકાગ્રતા ઓછી થતી જણાઈ છે. પોતાની ચીજવસ્તુઓની સાચવણીનો અભાવ બેહદપણે દેખાયો છે. જુથની અંદર રહેવાનો અનુભવ પણ ખૂબ ઓછો હોય તેવું છેલ્લા પાંચ-સાત વર્ષથી અનુભવવા મળ્યું છે. જમવાના સમય પહેલા જ થોડી વાર હોય છતાં નાસ્તો કરવો, પાણી સતત પીતા રહેવું તે એક સામાન્ય દ્રશ્ય થઈ ગયું છે. ખરેખર તો પ્રવાસોમાં કેટલીક વસ્તુઓ સહન કરવાની જરૂરીયાત ઉભી થાય છે અને તેવી જરૂરીયાતો વિના ચલાવવા શિખવું તે પ્રવાસનો એક હેતુ ગણાવો જોઈએ. ટી.વી.ની ચેનલોની અસર સ્પષ્ટ રીતે પ્રવાસ દરમ્યાન જોવા મળે છે. આ નિરીક્ષણ બધાં જ બાળકોને લાગું પડતું જ હોય તે સ્વાભાવિક છે પરંતુ સમગ્ર અસર જે જણાય છે તેના આધારે આ નોંધ લેવાનું મન થાય છે. આ બધું હોવા છતાં પ્રવાસ શાળા જીવનમાં એક અનિવાર્ય તત્વ બની રહેવું જોઈએ કારણકે બહારની દુનિયાને જોવાનો, અનુભવવાનો એક અલભ્ય મોકો ઘરમાંથી બહાર નીકળીએ ત્યારે પ્રાપ્ત થતો હોય છે.

[illegible]
ના વંદન.

## "લેસન કે વેઠ?"

"બેન! છોકરાંઓને તમે લેસન બરાબર આપોને! લેસન ન હોય તો છોકરાં ઘેર ચોપડી જ ખોલતાં નથી. ઘેર થોડુંઘણું ય ન ભણવું પડે?" મમ્મીઓ વારંવાર આ ફરીયાદ લઈને આવે છે.

ત્યારે બીજી બાજુ છોકરાંઓના મનમાં હંમેશાં થતું હોય છે. આટલું સ્કુલમાં ભણીએ છીએ તે કાંઈ ઓછું છે? .... કે પાછું આટલું લેસન શિક્ષક આપે છે! બસ આખો દિવસ ભણભણ જ કરવાનું? તો પછી અમે રમીએ ક્યારે? અમને આખો દિવસ ભણવાનો કંટાળો ન આવે?

આ ભણવાનો કંટાળો એ બહુ મોટી સમસ્યા છે... લેસન હોય તો જ છોકરું ભણવા બેસે! પરીક્ષા આવતી હોય તો જ ભણવા બેસે! ફરજ ન પડાય ત્યાં સુધી એ ભણે જ નહીં? શું બાળક ફક્ત પરીક્ષાનાં માર્કસ માટે જ ભણે છે? તેને જ્ઞાન મેળવવાની, નવું નવું જાણવાની ઈચ્છા કેમ જગાડી ન શકાય?

નાનકડો ચિરાગ સવારનાં ઉઠે છે ત્યારથી અનેક પ્રશ્નો પૂછે છે, ક્યારેક તો તે એવા અટપટા પ્રશ્નો પૂછે છે કે તેના પપ્પા ય અકળાઈ જાય છે. મમ્મી મૂંઝાય છે. તેનામાં જીજ્ઞાસાવૃત્તિ તો છે જ, તેને નવું નવું જાણવાની ઈચ્છા તો થાય છે જ અને ભણવામાં ય નવું નવું જાણવાનું જ હોય છે, તો પછી બાળકને ભણવાનું કેમ ભારરૂપ લાગે છે? ભણવાનું કેમ ગમતું નથી? ભણવા તરફની અભિરૂચિ બાળકમાં કેળવવી કેવી રીતે? તેને લેસન કરવા બેસાડવું કેવી રીતે?

પ્રિયાંગ હજી ઘરમાં પેસે છે ને એના મમ્મીને થાય છે, એકવાર લેસન કરી નાંખે એટલે શાંતિ.... પછી ભલે ને એ રમ્યાં કરે, ને એટલે હજી તો ઘરમાં પેસે ને દૂધનો ગ્લાસ મોઢે માંડે છે ત્યાં જ પૂછે છે, આજે શું લેસન આપ્યું છે? ને પ્રિયાંગને અકળામણ થાય છે. લેસન કરવું જ નથી, પણ મમ્મીને તો કામ પતાવવું છે એટલે ખેંચતાણ કરીને એને લેસન કરવા બેસાડે છે અને એટલે પ્રિયાંગ જેમ તેમ ખરાબ અક્ષર કાઢી લેસન જ્યાં ત્યાંથી પૂરું કરી નાંખે છે. હકીકતમાં તે વઠ જ ઉતારે છે... આવા લેસન પાછળનો, અભ્યાસનો ધ્યેય ક્યાંથી પાર પડે?

ખરેખર તો બધાં જ બાળક માટે એકસરખું લેસન પણ કેવી રીતે હોઈ શકે? કોઈ ગણિતમાં કાચું હોય તો તેને ગણિતની પ્રેક્ટીસ મળવી જોઈએ, તો કોઈક વળી અંગ્રેજીમાં કાચું હોય તો તેને અંગ્રેજીનું લેસન કરાવવું જોઈએ. બધાંને એકસરખું લેસન અપાય છે એટલે જેને જે વિષય આવડતો હોય તે વિષયને ફરી ફરી કરવાનો કંટાળો આવે એટલે વિદ્યાર્થીને તે વેઠ જ લાગે... એને લેસન કરવું ક્યાંથી ગમે? ખરેખર તો પોતાના બાળકનું લેસન તેના મમ્મીએ જ નક્કી કરવું જોઈએ. મારા બાળકને કયા વિષયમાં મહેનત કરવાની જરૂર છે તે હું જ સૌથી વધુ સારી રીતે જાણી શકું. બધાં બાળકોને એક જ લગામે કંઈ ઓછા હાંકી શકાય! બે બાળક તો જુદાં હોય છે જ પણ એક બાળકની બે પળ પણ સરખી નથી હોતી, દરેક મા દ્વારા જ તેના પોતાનાં બાળકની શક્તિ, મર્યાદા અને

અભિરૂચિને ધ્યાનમાં રાખીને જ તેના રોજેરોજના લેસનનું આયોજન કરવામાં આવે તો બાળકને કંટાળો કયાંથી આવે ! બાળકને અભ્યાસ માટે અભિરૂચિ કેળવવાની કળા આપણે શીખવી જરૂરી છે. આપણે જ જો લેસનને બોજારૂપ માનીશું તો બાળકને તેમાં રસ કયાંથી પડશે ?

**ઊર્મિલા શાહ**

## સંસ્થાનું ગૌરવ

શિશુમંદિરના શિક્ષિકા શ્રી નિકુંજબેન જાનીને હિન્દી સાહિત્ય પરિષદ અમદાવાદ તરફથી યોજાયેલ વાર્તા સ્પર્ધામાં તેમની વાર્તા 'ડૂબતે હુએ સૂરજકા સચ' માટે પ્રથમ ઈનામ પ્રાપ્ત થયું છે. તા. ૨૫-૯-૯૯ના રોજ યોજાયેલ હિન્દી દિવસ સમારોહમાં યુનિવર્સિટી સેનેટ હોલ ખાતે રાજ્યપાલશ્રી સુંદરસિંહ ભંડારીની અધ્યક્ષતામાં તેમને રજતચંદ્રક અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા.

સંસ્થાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની ચિ. નિયતી મહેતાએ યુવાપ્રતિભા શોધ સ્પર્ધા - રાષ્ટ્રીય યુવક મહોત્સવ ૯૮-૯૯માં શાસ્ત્રીય નૃત્ય ભરતનાટયમ્‌માં પ્રથમ તથા લોકનૃત્યમાં પણ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. ગુજરાત યુનિવર્સિટી યુથ વેલફેર ડીપાર્ટમેન્ટ આયોજીત ઈન્ટર કોલેજ યુથ ફેસ્ટીવલ કોમ્પીટીશનમાં પ્રથમ ત્રણમાં પસંદગી પામી છે. ઈન્ટર ઝોનલ યુથ ફેસ્ટીવલ કોમ્પીટીશનમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. તથા ગુજરાત રાજ્ય સંગીત નાટય અકાદમી દ્વારા ' કલ કે કલાકાર ' સમારોહમાં નૃત્ય પ્રસ્તુત કરી પ્રશંસાપત્ર પ્રાપ્ત કર્યું છે.

તા. ૭-૯-૯૯ નાં ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની બેન લાલિત્ય મુન્શાનો ગૌરવભર્યો રિવ્યુ પ્રસિધ્ધ થયો છે જેમાં તેને આપણી નાઈટીંગેલ કહીને નવાજવામાં આવી છે.

આ સૌને પ્રગતિશીલ ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છા.

## સકલ દેવતા

આ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ ચંદન ઠાકોરે ભરતનાટયમ્‌ના પરિપ્રેક્ષ્યમાં આગવો કહી શકાય તેવો નાટય પ્રયોગ તા. ૨-૧૦-૯૯ નાં રોજ ટાઉનહોલમાં સંસ્થાને અમૃતમહોત્સવ નિમિત્તે અર્પણ કર્યો, તેની નોંધ લેતાં હું આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું.

સમગ્ર કાર્યક્રમમાં પ્રેક્ષકો એકાગ્ર થઈને તે કાર્યક્રમને મનસભર રીતે પૂરા બે કલાક સુધી માણતા રહયા. કાર્યક્રમનાં મૌલિક સ્વરૂપમાં અનેક પ્રયોગાત્મક રચનાઓ હૃદયમાં વસી જાય તેવી સુબંધ્ધ રીતે રજૂ કરાઈ હતી. સંપૂર્ણ , પરિપૂર્ણ કહી શકાય તેવી તૈયારી નૃત્ય દર્શિકાઓની જોવા મળી. શ્રી ગણેશ, અંબાજી,શંકર તેમજ વિવિધ દેવતાઓના લાક્ષણિક વાહનો, તેમની મુદ્રાઓ એવા સ્વરૂપમાં રજૂ કરાયા કે તેના અંગે વિવેચનની કોઈ આવશ્યકતા જ ન રહે. નૃત્યભારતીના ભાઈ ચંદન ઠાકોરને આવા પ્રયોગશીલ કાર્યક્રમની રચના કરવા બદલ અભિનંદન અને તેઓ આ ક્ષેત્રમાં ખૂબ આગળ વધે તેવી શુભેચ્છા પાઠવતાં સંસ્થા આનંદની લાગણી અનુભવે છે.

### નવરાત્રિ મહોત્સવ

શારદામંદિરના અમૃત મહોત્સવને અનુલક્ષીને તા. ૯-૧૦-૯૯ના રોજ નવરાત્રિ મહોત્સવ યોજવામાં આવ્યો. નવરાત્રિની પૂર્વ સંધ્યાએ યોજાયેલ આ કાર્યક્રમમાં નાની મોટી બાળાઓએ ગરબાની રમઝટ જમાવી. તાળીચપટી, ઘડા ,સૂપડું સાંબેલું, ટીપ્પણી, દીવા, માંડવી,હોળી વિવિધતા ભર્યા આ ગરબાઓની રજૂઆત ખૂબ સારી હતી. 'સમભાવ તેને તેનો પ્રતિભાવ આપતાં જણાવે છે "નાનાલાલ કવિની અસ્મિતાને જાળવે એવી વેશભૂષા પરિધાન કરીને આછા અલંકારો સજીને આછો મેકઅપ કરીને બાળાઓ ગુજરાતને ગૌરવ અપાવે તેવી રજૂઆત કરતી હતી." ગરબાના શબ્દો ઢાળ, લય અને સંગીત સુંદર હતા.

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

તા. ૧૭-૮-૯૯ ના રોજ બાલમંદિરમાં સંસ્થાનો ૭૬મો સ્થાપનાદિન સંસ્થાના પ્રાંગણમાં ઉત્સાહભેર ઉજવવામાં આવ્યો. મા શારદાની સ્તુતિ બાદ બાળકોના બનેલા રથ સાથે બાલરથી આવી પહોંચ્યા મુખ્ય અતિથિ ડો. શ્રી દિપકભાઈ રાવળે કુંકુમ અક્ષતથી તેમનું અભિવાદન કરી મોં મીઠું કરાવ્યું ત્યારપછી બાળકોએ હાથમા ધજા અને રંગબેરંગી ફુગ્ગાલઈ મંગલકૂચ કરી. નાનકડી બાળાઓએ રંગબેરંગી સુંદર ચણીયાચોળી અને ઓઢણીમાં સજ્જ થઈ 'હવામાં આજ વહે છે ધરતી કેરી ખુશખુશાલી' નૃત્યગીત રજૂ કર્યું ત્યારે તો આખું ય વાતાવરણ પ્રસન્નતાથી ભર્યું ભર્યું બની ગયું . ત્યારબાદ તેઓએ 'શારદાનો સાદ' ગરબો રજૂ કર્યો . સૂર,સંગીત,તાલ અને હલકભરી તેમની ઝલકથી આખો ય પ્રસંગ દીપી ઉઠ્યો સાથે સંસ્થાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની બેન આનતિ અને તેના સાથીદારોનું સુમધુર સંગીતથી આખોય કાર્યક્રમ ખૂબ સફળ નિવડયો.

તા. ૨૫-૮-૯૯ ના રોજ રક્ષાબંધન નિમિતે બાલમંદિરના બાળકોએ કુંકુમ તિલક કરી રક્ષા બાંધી રક્ષાબંધન પર્વ ઉજવ્યું.

તા. ૨-૯-૯૯ના રોજ તાલીમના બાળકોએ જન્માષ્ટમી ઉત્સવ ઉજવ્યો. કૃષ્ણજીવનના પ્રસંગો નૃત્ય, નાટક,સંગીત અને તાલ સાથે તન્મયતાથી રજૂ કર્યા. બાળકોને આખાય પ્રસંગથી પરિચિત કરાયા પછી પાત્રો સોપાયા છે ત્યારે તેમની અભિવ્યક્તિ દિપી ઉઠે છે. કંસના પાત્રમા યત્ન પટેલ, ચિ. અર્પણા રિસાઈ જતી જશોદાના પાત્રમાં ,દેવકીનાં પાત્રમાં જાયની શાહ ધન્યવાદને પાત્ર હતાં. ભૂતપૂર્વ વિદ્યાર્થિની બેન આનતિ સાથે સાથીદારોનું સંગીત ભાવસભર હતું અને આખું ય વાતાવરણ ભાવભર્યું બની રહ્યું . કાર્યક્રમોની સફળતામાં શિક્ષકોનો પરિશ્રમ અને વાલીઓના સહકારને બિરદાવું છું. નવરાત્રી શરૂ થતાં ગરબાનું વાતાવરણ અને મા શક્તિની ભક્તિથી આખું ય બાલમંદિર ઉત્સાહથી ધમધમી ઉઠ્યું છે. નાની નાની બાળાઓએ રંગબેરંગી ચણિયા ચોળી ને ઓઢણીમાં તથા ભાઈઓએ ઝભ્ભા-સુરવાલમાં સજ્જ થઈ રાસ ગરબાની જમાવટ કરી .

## શિશુમંદિર

**ગુરુપુર્ણિમા :-** તા. ૨૮-૭-૯૯ના રોજ ગુરુ મહિમા દર્શાવતાં વકતવ્યો વિદ્યાર્થીઓએ રજુ કર્યા

**ગૌરીવ્રત :-** તા. ૩૧-૭-૯૯ના રોજ ગૌરીવ્રત નિમિતે ગરબાનો કાર્યક્રમ વિદ્યાર્થીઓએ માણ્યો.

તા. ૨૯-૭-૯૯ના રોજ 'સુંદરવન 'તરફથી શ્રી રાજેન્દ્રભાઈ જાડેજાએ સ્નેક શો બતાવ્યો.

તા.૩૧-૭-૯૯ ના રોજ કોમ્યુનીટી સાયન્સ સેન્ટરમાંથી શ્રી સોનલબેન મહેતાએ સૂર્યગ્રહણ તથા ચંદ્રગ્રહણ વિષે નિદર્શન સાથે માહિતી આપી.

તા.૩૦-૭-૯૯માં શાળાનાં પ્રાંગણમાં થતી વિવિધ વનસ્પતિ વિષે વિદ્યાર્થીઓને નિદર્શન માહિતી પૂરી પાડવામાં આવી.

તા.૩૦-૮-૯૯ના રોજ તુલસીદાસ જયંતિ નિમિત્તે તુલસીદાસ અને કબીરના દુહાઓની રજૂઆત થઈ.

તા.૨-૯-૯૯ના રોજ જન્માષ્ટમી નિમિત્તે કૃષ્ણજીવનનાં પ્રસંગો ગરબા અને રાસ, મટકીફોડ,નૃત્ય,સંગીત અને અભિનય સાથે રજૂ થયાં.

તા.૧૧-૯-૯૯નાં રોજ પર્યુષણપર્વ નિમિત્તે ભાવનાનો કાર્યક્રમ યોજાયો.

**પ્રવાસ :** તા.૧૬,૧૭,૧૮,૧૯ સપ્ટેમ્બરે ધો. ૬ અને ૭ માટે સેલવાસ, - ઉભરાટ તીથલ,નારગોલ અને દમણનો પ્રવાસ યોજાયો.

તા.૧૧ તથા ૧૨મી ઓક્ટોબરે ધો.૩ અને ૪માટે અંબાજી, ખેડબ્રહ્મા, તારંગા અને મહુડીનો પ્રવાસ યોજાયો.

### આંતરગૃહ સ્પર્ધાઓ

**મહેંદી સ્પર્ધા** તા.૨૩-૭-૯૯

| | | |
|---|---|---|
| પ્રથમ | ખ્યાતિ ચુડાસમા | ( ગંગોત્રી ) |
| દ્વિતીય | ઋજુતા પટેલ | ( ગંગોત્રી ) |
| | જીનાલી ઝવેરી | ( રત્નદીપ ) |
| તૃતીય | નિલ્જા પટેલ | ( મેઘનાદ ) |
| | જાનકી શાહ | ( રત્નદીપ ) |

નિર્ણાયક તરીકે ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓ માનુષી શાહ તથા અંકિતા શાહે સેવા આપી.

**રાષ્ટ્રધ્વજ સ્પર્ધા** તા.૧૩-૮-૯૯

| | | |
|---|---|---|
| પ્રથમ | શૈલ શાહ | ( ગંગોત્રી ) |
| દ્વિતીય | રીમા જોષી | ( મેઘનાદ ) |
| | જૈના મહેતા | ( ધવલગિરિ ) |
| તૃતીય | નિર્ઝરી શાહ | ( મેઘનાદ ) |
| | શાલિન શાહ | ( રત્નદીપ ) |

**શારદામંદિર સિમ્બોલ સ્પર્ધા** તા.૧૬-૮-૯૯

| | | |
|---|---|---|
| પ્રથમ | હેલી શાહ | ( રત્નદીપ ) |
| દ્વિતીય | જીનાલી ઝવેરી | ( રત્નદીપ ) |
| તૃતીય | ખ્યાતિ ચુડાસમા | ( ગંગોત્રી ) |
| | વિધિ શાહ | ( ધવલગિરિ ) |

**તોરણ સ્પર્ધા** તા.૧૭-૮-૯૯

| | | |
|---|---|---|
| પ્રથમ | વિધિ શાહ | ( ગંગોત્રી ) |
| દ્વિતીય | આલિશા દલાલ | ( ધવલગિરિ ) |
| | હેલી શાહ | ( રત્નદીપ ) |
| તૃતીય | પરિતા દેસાઈ | ( મેઘનાદ ) |
| | ખુશ્બુ સંઘવી | ( રત્નદીપ ) |

**રાખડી સ્પર્ધા** તા.૨૩-૮-૯૯

| | | |
|---|---|---|
| પ્રથમ | જીનાલી ઝવેરી | ( રત્નદીપ ) |
| દ્વિતીય | હર્ષિલ નાગોરી | ( ધવલગિરિ ) |
| તૃતીય | મૌલિક વ્યાસ | ( ગંગોત્રી ) |
| | ખ્યાતિ ચુડાસમા | ( ગંગોત્રી ) |

**વનસ્પતિ ઓળખ** તા.૨૮-૮-૯૯

| | | |
|---|---|---|
| પ્રથમ | રીમા જોશી | ( મેઘનાદ ) |
| | એષા મહેતા | ( ગંગોત્રી ) |
| દ્વિતીય | જીનાલી ઝવેરી | ( રત્નદીપ ) |
| તૃતીય | છગન સોલંકી | ( રત્નદીપ ) |
| | જયશ્રી વાઘેલા | ( ધવલગિરિ ) |

**પંચાજીરી ( સ્વાદ )** તા.૧-૯-૯૯

| | | |
|---|---|---|
| પ્રથમ | નિલ્જા પટેલ | ( મેઘનાદ ) |
| દ્વિતીય | રીમા જોશી | ( મેઘનાદ ) |
| તૃતીય | અભિષેક ભટ્ટ | ( મેઘનાદ ) |

**પંચાજીરી ( ડેકોરેશન )** તા.૧-૯-૯૯

| | | |
|---|---|---|
| પ્રથમ | જીનાલી ઝવેરી | ( રત્નદીપ ) |
| દ્વિતીય | રોશની શાહ | ( ધવલગિરિ ) |
| | રીમા જોશી | ( મેઘનાદ ) |
| તૃતીય | નિલ્જા પટેલ | ( મેઘનાદ ) |
| | અનુજ શાહ | ( ધવલગિરિ ) |
| | અભિષેક ભટ્ટ | ( મેઘનાદ ) |

**પારણાં ડેકોરેશન** તા.૧-૯-૯૯

| | | |
|---|---|---|
| પ્રથમ | આલિશા દલાલ | ( ધવલગિરિ ) |
| દ્વિતીય | મૌલિક વ્યાસ | ( ગંગોત્રી ) |
| | વિધિ યુ.શાહ | ( ગંગોત્રી ) |
| તૃતીય | જયાયસી દેસાઈ | ( રત્નદીપ ) |

**ગણપતિ મૂર્તિ** તા.૧૦-૯-૯૯

| | | |
|---|---|---|
| પ્રથમ | મૌલિક વ્યાસ | ( ગંગોત્રી ) |
| દ્વિતીય | પૃથા બારડ | ( મેઘનાદ ) |
| | નિરલ મોદી | ( ધવલગિરિ ) |
| તૃતીય | નિલ્જા પટેલ | ( મેઘનાદ ) |
| | પક્ષમન દવે | ( રત્નદીપ ) |

**નંદાવ્રત સાથિયા** તા.૧૦-૯-૯૯

| | | |
|---|---|---|
| પ્રથમ | શૈલ શાહ | ( ગંગોત્રી ) |
| દ્વિતીય | જીનાલી ઝવેરી | (રત્નદીપ ) |
| | વિધિ શાહ | (ધવલગિરિ ) |
| તૃતીય | દેવર્ષ પટેલ | ( ગંગોત્રી ) |
| | નિલય શાહ | ( મેઘનાદ ) |

**હિન્દી નિબંધ લેખન હિન્દી દિન** તા.૧૫-૯-૯૯

| | | |
|---|---|---|
| પ્રથમ | પલક શાહ | ( ધવલગિરિ ) |
| દ્વિતીય | પરીન ગાંધી | ( રત્નદીપ ) |
| | એષા મહેતા | ( ગંગોત્રી ) |
| તૃતીય | હિરલ ખત્રી | ( રત્નદીપ ) |
| | આનંદ પટેલ | ( મેઘનાદ ) |

ધો.૧ થી ૪ માટે સુલેખન સ્પર્ધા તા.૨૭-૯-૯૯ ના રોજ યોજવામાં આવી.

**સૌ વિજેતા ભાઈબહેનોને અભિનંદન.**

## વિનયમંદિર

### આંતરગૃહ સ્પર્ધા

**ગુજરાતી સુલેખન** તા.૨૪-૭-૯૯

| | | |
|---|---|---|
| પ્રથમ | સુજલ મયાત્રા | ( પદ્મપુકુર ) |
| દ્વિતીય | પેલવા નાયક | ( પદ્મપુકુર ) |
| તૃતીય | રવિજા દવે | ( ગીતગોવિંદ ) |

**અંગ્રેજી સુલેખન સ્પર્ધા** તા.૨-૭-૯૯

| | | |
|---|---|---|
| પ્રથમ | શર્વિલ ટંકશાળી | ( ચંદ્રમૌલિ ) |
| દ્વિતીય | મહર્ષિ ત્રિવેદી | ( મેઘદૂત ) |
| તૃતીય | સુજલ મયાત્રા | ( પદ્મપુકુર ) |

ભૂતપૂર્વ વિદ્યાર્થિની ચિ.જૂહી દાંડવાલાએ વિદ્યાર્થીઓ સમક્ષ યાદશક્તિ કેળવવા વિષે સુંદર વકતવ્ય રજૂ કર્યું.

તા.૧૭-૮-૯૯નાં રોજ હાયર સેકન્ડરી વિભાગમાં વકતૃત્વ સ્પર્ધા યોજાઈ. જેમાં કુનુર શાહ પ્રથમ, ઋજુલ શાહ દ્વિતીય, નેહા શુકલ તૃતીય આવ્યાં. આ પછી બેન કુનુર અને બેન ઋજુલે શાળા તરફથી આચાર્ય શ્રી એસ.આર.ભટ્ટ સન્માન નિધિ દ્વારા યોજાતી વકતૃત્વ સ્પર્ધામાં શાળાનું પ્રતિનિધિત્વ સંભાળી ચંદ્રકો મેળવ્યાં અને ટ્રોફી મેળવી.

**સ્વાતંત્ર્યદિન :** તા.૧૫મી ઓગસ્ટને રવીવારનાં રોજ શાળાના પ્રાંગણમાં શિશુમંદિરનાં આચાર્ય શ્રી જયશ્રીબેન દવેનાં હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવ્યું. કાર્યક્રમનો પ્રારંભ પ્રાર્થનાથી કરવામાં આવ્યો. વિનયમંદિરના ગૃહ મેઘદૂત,ધવલગિરિ, પદ્મપુકુર અને ચંદ્રમૌલિનાં વિદ્યાર્થી ભાઈબહેનોએ માર્ચપાસ કરી. શ્રી જયશ્રીબેને વિદ્યાર્થીઓને શીખ

આપતાં કહ્યું કે 'તમે સૌ ભાવિ ભારતનાં ઘડવૈયા છો અને એથી અત્યારથી જ તમારામાં રહેલી શક્તિઓને તમારે સરસ રીતે વિકસાવવાની છે.'

**સ્થાપનાદિન :** તા.૧૮-૮-૯૯નાં રોજ સવારે ૯ વાગે સંસ્થાનો ૭૬મો સ્થાપનાદિન નવા શારદામંદિરના પ્રાંગણમાં ઔડાના ચેરમેન શ્રી સુરેન્દ્રભાઈ પટેલનાં અતિથિવિશેષ પદે યોજવામાં આવ્યો. મા શારદાની પ્રાર્થનાથી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો. બાળકોએ બનાવેલાં રથ સાથે ત્રણેય રથી આવી પહોંચતા મહેમાનશ્રીએ તેમનું કુંકુંમ તિલકથી અભિવાદન કર્યું. બાળકોએ ઉત્સાહભેર મંગલકૂચ કરી. ત્યારબાદ બાલમંદિરની નાનકડી બાળાઓએ તથા ધોરણ આઠમાની બહેનોએ બે ગરબા રજૂ કર્યાં. મુ.શ્રી દિનુભાઈએ મહેમાનોનું સ્વાગત કર્યું ને અતિથિવિશેષનો પરિચય કરાવ્યો. મુખ્ય અતિથિ શ્રી સુરેન્દ્રભાઈએ સંસ્થાની આ પ્રગતિકૂચને બિરદાવી અને સંસ્થાને રૂ.૨૫૦૦૦ / નો ચેક અર્પણ કર્યો. આ પ્રસંગે હાજર રહેલાં શાળાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી પાર્થિવભાઈ અધ્યારુએ પણ રૂ. ૭૫૦૦૦ /નાં દાનની જાહેરાત કરી અને તેમનું વકતવ્ય રજૂ કર્યું. આખું ય વાતાવરણ ઉલ્લાસ અને આનંદથી ભર્યુંભર્યું બની ગયું. અંતમાં રાષ્ટ્રગીત ગાઈ સૌ પ્રસાદ લઈ છૂટા પડયાં.

## અભિનંદન

**નિબંધ :-** અખિલ હિંદ મહિલા પરિષદ એલીસબ્રીજ શાખા આયોજીત નિબંધ સ્પર્ધામાં ધોરણ પાંચમાના ચિ.કક્ષા શાહને પ્રથમ ઈનામ તથા ટ્રોફી મળ્યાં છે. ચિ. રાજદીપ દેસાઈને ત્રીજું ઈનામ મળ્યું છે. ધોરણ ૮માનાં તપન શાહને તૃતીય ઈનામ મળ્યું છે.

**વકતૃત્વ :-** તા.૨૮-૯-૯૯નાં રોજ બાલાભાઈ દામોદરદાસ આર્ટસ્ કોલેજ આયોજીત આચાર્યશ્રી એસ.આર.ભટ્ટ વિજયપદ્મ વકતૃત્વ સ્પર્ધામાં ચિ.કુનુર શાહને સુવર્ણચંદ્રક તથા ચિ.ઋજુલ શાહને રૌપ્યચંદ્રક મળ્યાં છે અને ટ્રોફી આપણી શાળાને મળી છે. ૨૮-૯-૯૯નાં રોજ શારદામંદિર વિનયમંદિર અને લાયન્સ કલબ ઓફ અમદાવાદ નોર્થના સંયુકત ઉપક્રમે યોજાયેલ વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ ચિ. કુનુર શાહ, દ્વિતીય કુ. ઋજુલ શાહ અને તૃતીય પારિતોષિક ચિ. કૌશલ સોપારકરે મેળવ્યાં છે. મકબુલ પઠાણને આશ્વાસન ઈનામ મળ્યું છે.

**કરાટે :-** ચિ. રવિ નાગોરીએ અર્જુન સ્કુલ ઓફ માર્શલ આર્ટસ્માંથી યલો બેલ્ટ પ્રાપ્ત કર્યો છે.

**ચેસ :-** સન એન સ્ટેપ કલબ ખાતે યોજાયેલ ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન આયોજીત ચેસ ટુર્નામેન્ટમાં સ્વપ્નિલ શાહ પ્રથમ આવ્યા છે. પરિશા દલાલ ચોથા આવ્યા છે. ચિ. સાગર પારેખ ચોથા આવ્યા છે.

ઓરિએન્ટ કલબ ખાતે રમાયેલ ગુજરાત ચેસ એકેડમી આયોજીત ચેસ સ્પર્ધામાં આનંદ ત્રિવેદી પ્રથમ , સ્વપ્નિલ શાહ છઠ્ઠા અને સાગર પારેખ દ્વિતીય આવ્યા છે.

**ટેબલ ટેનીસ :-** ૧૯-૮-૯૯ થી ૨૨-૮-૯૯ દરમ્યાન એલિસબ્રિજ જીમખાના ખાતે રમાયેલ અમદાવાદ ગાંધીનગર જીલ્લાની ટેબલ ટેનીસ ટુર્નામેન્ટમાં ચિ. હર્ષિલે સબજુનિયર્સ બોયઝની ઈવેન્ટમાં ચેમ્પીયનશીપ મેળવી છે.

**તરણકલા :-** ૨૯-૮-૯૯ નાં રોજ ગુજરાત વિદ્યાપીઠ ખાતે યોજાયેલ આંતરશાળાકીય તરણસ્પર્ધામાં ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલ, ૧૦૦ મીટર બ્રેસ્ટ સ્ટ્રોક તથા ૪૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં ચિ. વેદસ્ એન્જીનીયર પ્રથમ આવ્યા છે.

**સંગીત સ્પર્ધા :-** અખિલ હિંદ મહિલા પરિષદ અમદાવાદ શાખા આયોજીત સુગમ સંગીત સ્પર્ધામાં ચિ. પેલવા નાયકે પ્રથમ આવી ટ્રોફી મેળવી છે.

**ચિત્ર :-** યંગ એન્વાયઝ ઈન્ટરનેશનલ હૈદ્રાબાદ આયોજીત ચિત્ર સ્પર્ધામાં ચિનાર શાહને સુવર્ચંદ્રક, સ્વપ્નિલ શાહ, નિરલ મોદી, વત્સલ શાહને ગોલ્ડન ડોવ ડિપ્લોમા, પ્રાપ્તિ પટેલ, ઋજુતા દેસાઈ , નીલ શાહને જ્યુરી ગીફટ તથા વંદીત દેસાઈને સિલ્વર ક્રાઉન એવોર્ડ મળ્યાં છે.

બાલ ચિત્રકલા પુરસ્કાર આયોજીત ચિત્ર સ્પર્ધામાં રાજીતા દેસાઈને અતિવિશિષ્ટ ઈનામ મળ્યું છે.

શ્રી જ્ઞાનજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ આયોજીત ગ્લોબલ ચિત્ર સ્પર્ધામાં વર્ષિલ પરીખને કલાજ્યોત પારિતોષિક મળ્યું છે.

ક્ષિતિજ આર્ટ સોસાયટી આયોજીત ચિત્ર સ્પર્ધામાં શાહ શીલને મેરીટ સર્ટીફીકેટ મળ્યું છે.

ગુજરાત રાજ્ય ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટ આયોજીત પર્યાવરણ દિન ચિત્ર સ્પર્ધામાં નિરલ મોદીને આશ્વાસન ઈનામ મળ્યું છે.

હઠીસિંગ વિઝયુલ આર્ટ ખાતે તા.૨-૧૦-૯૯નાં રોજ યોજાયેલ સમૂહ ચિત્ર આલેખનમાં આપણી શાળાનાં ચિ. મીનુ જોશી, ચિ. વિસ્મય અને ચિ. ચિંતકને ચિત્ર કરવા માટે નિમંત્રણ મળ્યું હતું.

એક્રોન ચિત્ર સ્પર્ધામાં ચિ.વિધિ શાહ પ્રથમ, દ્વિતીય શિવાંગી ટંકશાળી, કરિશ્મા મહેતા તૃતીય અને નિહાર જોશી , નિધિ શાહ તથા ગીની દેસાઈને આશ્વાસન ઈનામ મળ્યાં છે.

સેન્ટર ફોર આર્ટ કલ્ચર એન્ડ એન્વાયરમેન્ટ તરફથી યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં ખ્યાતિબા ચુડાસમા દ્વિતીય આવ્યાં છે. તથા રોહન શાહનું ચિત્ર પસંદગી પામ્યું છે.

The Bridge human welfare charitable Trust આયોજીત કારગીલ અંગેની ચિત્ર સ્પર્ધામાં ચિ. સોહમ યાજ્ઞિકને ત્રીજું ઈનામ મળ્યું છે.

" અખિલ ભારતીય શાળાકીય ખેલકૂદ " માં સફળતા મેળવનાર વિદ્યાર્થી ભાઈબહેનો ,ગોળાફેંકમાં પરીખ નીરવ તથા દવે આરોહી પ્રથમ ,જોષી માનસી તૃતીય , રીલે રેસમાં શાહ મનિત ,વ્યાસ પાતંજલ , શાહ સ્વપ્નીલ અને પંડિત દેવલ દ્વિતીય , ઉંચો કૂદકો શાહ જાનકી દ્વિતીય, લાંબો કૂદકો શાહ સ્વપ્નીલ દ્વિતીય આવ્યા છે. જોષી ઉષ્મા બેડમિંગ્ટનમાં રાજ્ય કક્ષાએ પસંદ થયા છે અને હવે વલસાડ ખાતે રમશે. અખિલ ભારતીય શાળાકીય યુવક મહોત્સવમાં સુગમ સંગીતમાં શાહ હિરલ તૃતીય આવ્યા છે તથા વોલીબોલમાં આપણી શાળાની બહેનોની ટીમ ચેમ્પીયન બની છે.

### શ્રધ્ધાંજલી

આ સંસ્થામાં ઘણાં લાંબા સમય સુધી પોતાની સન્નિષ્ઠ સેવા આપીને હાલમાં ઘણા સમયથી અમેરિકામાં પોતાના કુટુંબીજનો સાથે સ્થાયી થયેલા ભૂતપૂર્વ કાર્યકર શ્રી બાબુભાઈ મોહનલાલ ત્રિવેદીનું અમેરિકામાં અવસાન થયું છે. તેમના અવસાનની નોંધ લેતાં સંસ્થા દુ:ખની લાગણી અનુભવે છે.

આ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈશ્રી ભરત પ્રહલાદભાઈ પટેલના દુ:ખદ અવસાનની નોંધ લેતાં સંસ્થા અત્યંત દુ:ખની લાગણી અનુભવે છે.

ઈશ્વર સદગતના આત્માને પરમ શાંતિ આપે તેવી પ્રાર્થના.

**દિવાળી વેકેશન :-** તા.૨૩-૧૧-૯૯ સુધી દિવાળી વેકેશન રહેશે. તા.૨૪-૧૧-૯૯થી બીજું સત્ર શરૂ થશે.

તંત્રી ,મુદ્રક,પ્રકાશકઃ દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક,
શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL: shaarad@ad1.vsnl.net.in